ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૧૪-૦૬-૨૦૨૩

- **'અમે ખાતમુહૂર્ત કરીએ, અમે લોકાર્પણ કરીએ' તેવી મોટી મોટી જાહેરાતો કરતી ભાજપ સરકારનાં ભ્રષ્ટાચારનાં બોલતા પુરાવારૂપે વારંવાર બ્રિજો તૂટી રહ્યા છે તે પણ એક સિદ્ધિ છેઃ ઉદ્ઘાટન પહેલા તાપીનો બ્રીજ તૂટી પડ્યો.**
- **ભાજપ સરકારના "ભ્રષ્ટાચારી મોડલ" થી ગુજરાતના સામાન્ય નાગરિકો પરેશાનઃ ભ્રષ્ટ અધિકારીઓ, ભાજપના મળતિયા કોન્ટ્રકટરોની મિલીભગત સામે કડક પગલાં ક્યારે લેવાશે?**

ગુજરાતમાં બ્રિજ તૂટવાની વારંવાર બનતી ઘટનાઓને પરિણામે ગુજરાતના અનેક નાગરિકોના જીવ જોખમમાં મુકાય છે. તેમ છતાં ભાજપ સરકારના માર્ગ મકાન વિભાગ સહીત ભાજપ શાસિત કોર્પોરેશનનું સમગ્ર ઘટનામાં ગુનાહિત મૌન ચિંતાજનક છે. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, મહેસાણા, સહિતના જિલ્લામાં બ્રિજ તૂટવાની ઘટનાની સાથે ઉદ્ઘાટન પહેલા જ તાપીમાં ધરાશાયી થયેલ બ્રીજની તટસ્થ તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા ડિપાર્ટમેન્ટનાં કન્વિનર અને પ્રવકતા ડૉ. મનિષ દોશીએ  જણાવ્યું હતું કે, ગુજરાતના તાપી જિલ્લાના વ્યારા તાલુકાના માયપુર અને દેગામા ગામને જોડતો પુલ તૂટી પડવાની ઘટના બની છે ત્યારે રાજ્યમાં વારંવાર પુલ તૂટી પડવાની ઘટનાઓ ક્યારે બંધ થશે? વ્યારાના પુલ ધરાશાયી થવાથી આજુબાજુના ૧૫ જેટલા ગામો પ્રભાવિત થયા છે. ભાજપ સરકારના "ભ્રષ્ટાચારી મોડલ" થી ગુજરાતના સામાન્ય નાગરિકો પરેશાની ભોગવી રહ્યા છે. થોડા સમય પહેલા મોરબી શહેરમાં ઝૂલતો પુલ દુર્ઘટનાગ્રસ્ત થવા અને લગભગ ૨૦૦ જેટલા લોકોના થયેલ અકાળે મૃત્યુ પામ્યા હતા. ભ્રષ્ટ અધિકારીઓ, ભાજપના મળતિયા કોન્ટ્રકટરોની મિલીભગત સામે કડક પગલાં ક્યારે લેવામાં આવશે? ગુજરાતમાં જુદા જુદા જિલ્લાઓમાં વારંવાર બનતી બ્રિજ દુર્ઘટનાઓમાં ગુનાહિત બેદરકારી આચરનારા જવાબદાર અધિકારી, પદાધિકારી અને કોન્ટ્રાક્ટર પર ભાજપ સરકારના આશીર્વાદ હોવાને કારણે કોઈ નક્કર પગલાં ભરવામાં આવતાં નથી. જે ખૂબ જ ચિંતાજનક બાબત છે. લોકોની સલામતી અને સુખાકારીએ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ પરતું ભાજપ સરકાર માત્રને માત્ર જાહેરાતો-ઉત્સવો અને તાયફામાં વ્યસ્ત છે. ભાજપ સરકારે ભ્રષ્ટાચારને શિષ્ટાચાર બનાવી દીધો છે. 'અમે ખાતમુહૂર્ત કરીએ, અમે લોકાર્પણ કરીએ' તેવી મોટી મોટી જાહેરાતો કરતી ભાજપ સરકારનાં ભ્રષ્ટાચારનાં બોલતા પુરાવારૂપે વારંવાર બ્રિજો તૂટી રહ્યા છે તે પણ એક સિદ્ધિ છે.

નાગરીકોની જાન અને સંપત્તિના નુકસાન થાય ત્યારે જ સરકાર સફાળી જાગે અને સબ સલામતના નારા લગાવે એ કેટલે અંશે યોગ્ય? પુલ-બ્રીજ ધસી- તૂટી પડવાની ઘટના રોકાવાનું નામ લેતી નથી જે રાજ્ય માટે ખુબ ચિંતાજનક બાબત છે. ચૂંટણીમાં કરોડો રૂપિયા ફંડ આપનાર મળતિયા કંપનીઓને બ્રિજ બાંધકામ સહિત કરોડો રૂપિયાના કોન્ટ્રાક્ટની લ્હાણી કરતી ભાજપ સરકાર બ્રિજ અકસ્માત / દુર્ઘટના મુદ્દે મૌન કેમ છે? બ્રિજનું બાંધકામ કરનાર માત્ર એક જ કંપનીએ કરોડો રૂપિયા ચૂંટણી ફંડ સત્તાવાર આપ્યું છે. અન્ય કંપનીઓની લેતી દેતી તો કરોડો રૂપિયા પહોંચી જાય છે. રાજ્યમાં વારંવાર બનતી બ્રિજ દુર્ઘટના બાદ પણ ભાજપ સરકાર જવાબદાર અધિકારી, કોન્ટ્રાક્ટર સામે પગલાં ભરવામાં આડા કાન કરે છે. ગુજરાતમાં વારંવાર તુટતા બ્રીજો જેમ કે, હાટકેશ્વર બ્રીજ, મુમતપુરા બ્રીજ, સુરત, મોરબી, રાજકોટ, સહિતના પુલોના ભ્રષ્ટાચાર માટે કોણ કોણ સંડોવાયેલા છે ? ક્યાં માથાઓએ ભ્રષ્ટાચાર કર્યો છે? તેનો જવાબ ગુજરાતની જનતા જાણવા માંગે છે. કંપની પાસેથી કરોડો રૂપિયાનું ચૂંટણી ફંડ લેતી ભાજપ સરકાર ગુજરાતના નાગરિકોનાં જીવ કેમ વારંવાર જોખમમાં મૂકી રહી છે. કોંગ્રેસ પક્ષ માંગ કરે છે કે ગુજરાતમાં સતત વધી રહેલા બ્રિજ અકસ્માત / બાંધકામ તૂટવાની ઘટનાઓમાં થયેલી ગુનાહિત બેદરકારી માટે જવાબદાર અધિકારી-પદાધિકારીઓ, કોન્ટ્રાક્ટર સામે તાત્કાલીક તટસ્થ તપાસ કરવામાં આવે અને નક્કર પગલા ભરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવકતા